

# પ્રકરણ ૫
# અનીતા અને મધમાખીઓ

મારું નામ અનીતા ખુશવાહ છે. હું બોચાહા ગામમાં રહું છું. આ ગામ બિહારના મુઝફ્ફરપુર જિલ્લામાં છે. હું મારાં માતા-પિતા અને બે નાના ભાઈઓ સાથે ગામડામાં રહું છું. હું કૉલેજમાં ભણવા સાથે નાનાં બાળકોને પણ ભણાવું છું. હું મધમાખીઓ (honeybees-હનીબીસ)નો ઉછેર પણ કરું છું.

આ બધું કાંઈ સહેલું નથી. હું નાની હતી ત્યારે મારે આખો દિવસ બકરીઓ ચરાવવા જવું પડતું. મારે તો શાળાએ જવું હતું, પરંતુ મારાં માતા-પિતાને છોકરી શાળાએ જાય એ ગમતું ન હતું.

---

- આ એક સાચી ઘટના છે. શાળામાં જઈ, ભણીગણીને આગળ વધતી છોકરીઓ માટે અનીતા ખુશવાહ એક આદર્શ છે.
- બાળકોને શાળામાં રહેલા ભારતના નકશામાં બિહાર શોધવા કહો.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## શાળાનું સ્વપ્ન




એક દિવસ હું શાળામાં પહોંચી જ ગઈ અને બાળકોની પાછળ ચૂપચાપ બેસી ગઈ. હું તો ખૂબ જ ખુશ થઈ. ઘેર આવી પછી માતા-પિતાને શાળાની વાત કરી. પણ એમણે તો શાળાએ જવાની ચોખ્ખી ના પાડી દીધી. હું ખૂબ જ રડી.

ગામની શાળાના એક શિક્ષકને આ ખબર પડી. તેમણે મારાં માતા-પિતાને સમજાવ્યાં. તેમણે તો એમ પણ કહ્યું કે 'ધોરણ-આઠ સુધી ભણવામાં તમારે કાણી પાઈ પણ ખરચવાની નથી. ભણવું એ દરેક બાળકનો અધિકાર છે.' માતા-પિતા માની ગયાં અને મારું શાળાએ જવાનું શરૂ થયું. હું કાંઈ હોશિયાર છોકરી ન હતી, પણ હંમેશાં કંઈ ને કંઈ પૂછતી રહેતી.

**તમે આખા વર્ષમાં શાળા માટેની વસ્તુઓ પાછળ કેટલો ખર્ચ કરો છો એ નોંધો.**

| વસ્તુઓ | કરેલ ખર્ચ |
|---|---|
| ૧. શાળાએ જવા આવવા | |
| ૨. નોટબુક્સ | |
| ૩. પેન-પેન્સિલ | |
| ૪. ગણવેશ | |
| ૫. દફતર | |
| ૬. લંચબૉક્સ | |
| ૭. બૂટ/ચંપલ | |
| ૮. અન્ય વસ્તુઓ (i) | |
| (ii) | |
| કુલ | |





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- આ વર્ષે તમે તમારાં પુસ્તકો માટે કેટલો ખર્ચ કર્યો ?

- તમને ગમતાં ગણવેશ (uniform-યુનિફૉર્મ)નું ચિત્ર તમારી નોટબુકમાં દોરો અને રંગ પૂરો.

## ભણવાનું ચાલુ રહ્યું

હું પાંચમા ધોરણમાં પાસ થઈ. મને ખબર હતી કે હવે ભણવાનો ખર્ચ વધશે. માતા-પિતા ભણાવવા તૈયાર ન હતાં પણ મારે તો ભણવું હતું. મેં બીજાં નાનાં બાળકોને ભણાવવાનું શરૂ કર્યું. થોડાક રૂપિયા મળવા લાગ્યા અને મારું ભણવાનું પણ ચાલુ રહ્યું.



## ચાલો, વાત કરીએ :

- દરેક બાળકને ભણવાનો હક છે. ધોરણ આઠ સુધી તો મફત ભણાય. આ અંગે તમે શું જાણો છો ? એ કહો.



ધીમેધીમે મેં અન્ય લોકોને પણ છોકરીઓને શાળાએ મોકલવા વાત કરી. મારાં માતા-પિતા પણ મને મારા કામમાં મદદ કરવા લાગ્યાં. મારી માતા ઘરનાં બધાં કામ કરી લેતી, જેથી મને ભણવામાં વધુ સમય મળી શકે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## મધમાખી ઉછેરનાર (Beekeeper-બી-કીપર)

અમારા વિસ્તારમાં લીચીનાં વૃક્ષો ઘણાં. આ વૃક્ષનાં ફૂલો મધમાખીઓને ખૂબ ગમે. એટલે ઘણા લોકો મધમાખીઓ ઉછેરવાનું કામ કરે. વળી, સરકાર એ માટે તાલીમ પણ આપે. હું એ તાલીમમાં જોડાઈ. તેમાં હું એક જ છોકરી હતી. ઑક્ટોબરથી ડિસેમ્બર મહિનામાં મધમાખીઓ ઈંડાં આપે. એ સમય એમના ઉછેર માટે ઘણો સારો.

- તમે કોઈ જીવજંતુને ફૂલ નજીક જોયાં છે ? તેમનાં નામ શોધો અને લખો.

- તેઓ કેમ ફૂલોની નજીક આવે છે ? શોધો.

- તેમનાં ચિત્રો નોટબુકમાં દોરો અને રંગ પૂરો.
- મધમાખી જ્યારે ઊડે છે ત્યારે એક પ્રકારનો અવાજ આવે છે. તમે તે અવાજની નકલ કરી શકો ?





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## મધમાખી ઉછેરનાર તરીકે

મેં મારી મધમાખી ઉછેરની તાલીમ પૂરી કરી, પણ કામ શરૂ કરવા પૈસાની જરૂર પડે. મેં ભણાવવાનું ચાલુ રાખ્યું અને ૫,૦૦૦ રૂપિયા ભેગા કર્યા. તે પૈસાથી મેં માખીઓ માટેની બે પેટીઓ ખરીદી. એક પેટીની કિંમત ૨,૦૦૦ રૂપિયા હતી. બાકીના પૈસામાંથી મેં મધમાખીઓ માટે ચાસણી બનાવવા ખાંડ ખરીદી અને મધપૂડા(beehives-બી-હાઈવ્સ) ને ચોખ્ખો રાખવાની દવા ખરીદી.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

સપ્ટેમ્બર મહિનો ચાલતો હતો. ડિસેમ્બર સુધીમાં મારી પાસે ઘણીબધી માખીઓ હતી. હજી મારે બે પેટીઓ વધારે ખરીદવી પડે એમ હતી. હું હજી પણ મધમાખી-ઉછેર વિશે શીખતી હતી. ઘણી વખત માખીઓ મને ડંખ (sting-સ્ટિંગ) મારતી અને મારા હાથ તથા ચહેરો સૂજી જતા. ખૂબ જ પીડા (pain-પેઈન) થતી. આ કામ મેં પોતે જ પસંદ કર્યું હતું એટલે કોઈને કહેવાય તો નહિ.



**શોધી કાઢો :**

- મધમાખી ડંખ મારે ત્યારે લોકો શું કરે છે ?
- તમારી નોટબુકમાં મધમાખીનું ચિત્ર દોરો. તેમાં રંગ પૂરો અને નામ આપો.

લીચીના વૃક્ષને ફેબ્રુઆરીમાં ફૂલો આવે છે. મેં મારી બધી પેટીઓ લીચીના વાડા પાસે મૂકી. દરેક પેટીમાંથી મને બાર કિગ્રા મધ મળતું. આ મધ હું બજારમાં વેચતી. મધમાખીના ઉછેરમાં આ મારી પહેલી કમાણી થઈ. હવે તો મારી પાસે વીસ પેટીઓ છે.

- અનીતાની વીસ પેટીઓની કુલ કિંમત કેટલી હશે ?

હું દરરોજ સાઇકલ લઈ કૉલેજ જાઉં છું. મારી કૉલેજ પાંચ કિમી દૂર શહેરમાં છે.

હવે તમે પણ અનીતા વિશે ઘણું જાણો છો.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



અનીતાને નજીકના ગામમાં બધાં ઓળખવા લાગ્યાં છે. તે દરેક ગામની સભામાં જાય છે અને દરેકને ભણતરના મહત્ત્વની વાત કરે છે. ઘણી વખત લોકો તેની મજાક કરે છે, પરંતુ અનીતાને ખબર છે કે તેણે શું કરવાનું છે.

અનીતા મધની મોટી વેપારી બનવા માગે છે, જેથી તે લોકોને મધની પૂરતી કિંમત અપાવી શકે.

## શોધી કાઢો :

- અનીતા અને ગામના બીજા લોકોને એક કિગ્રા મધના પાંત્રીસ રૂપિયા મળે છે. તમારા શહેરમાં એક કિગ્રા મધનો શું ભાવ છે ?

- તમારા ઘરમાં મધનો ઉપયોગ થાય છે ? શાના માટે થાય છે ?


દરેક મધપૂડામાં એક રાણી માખી હોય છે જે ઈંડાં મૂકે છે. પૂડામાં મોટા ભાગની માખીઓ કામદાર માખીઓ હોય છે. આ માખીઓ આખો દિવસ કામ કરે છે.

**શિક્ષક માટે :** જથ્થાબંધ માલના વેપારી શું કરે છે ? સમાજમાં તેની શી જરૂર છે ? તેની ચર્ચા કરો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


તેઓ ફૂલોની આજુબાજુ ઊડે છે. તેઓ મધ બનાવવા ફૂલોમાંથી રસ (nectar-નેક્ટર) એકઠો કરે છે. જ્યારે કોઈ એક માખી રસવાળું ફૂલ શોધી લે છે ત્યારે બીજી માખીઓને જણાવવા તે ખાસ પ્રકારનું નૃત્ય કરે છે. કામદાર માખીઓ મધપૂડા માટે મહત્ત્વની છે. કામદાર માખીઓ વગર મધપૂડા કે રસનો સંગ્રહ શક્ય નથી. મધપૂડામાંથી બધી મધમાખીઓ ભૂખ્યા પેટે જાય છે.



Y8Y5Q2

- મધમાખીઓની જેમ બીજા કયા જીવજંતુઓ છે, જે જૂથમાં રહેવાનું પસંદ કરે છે ?

કીડીઓ મધમાખીઓની જેમ સાથે રહે છે અને કામ કરે છે. રાણી-કીડી ઈંડાં મૂકે છે, સિપાહી કીડીઓ દરની રક્ષા અને દેખભાળ કરે છે. કામદાર કીડીઓ હંમેશાં ખાવાનું શોધવામાં અને તેને દર સુધી પહોંચાડવામાં વ્યસ્ત હોય છે. ઊધઈ (termites-ટર્માઈટસ્) અને ભમરી (wasp-વાસ્પ) પણ આ જ રીતે રહે છે.



- તમે જોયું છે કીડીઓ ક્યાં રહે છે ?

- ખાવાની કઈ કઈ ચીજવસ્તુઓ પાસે કીડીઓ ભેગી થાય છે ?


- કીડીઓની હાર જુઓ. તેનો રંગ કયો છે ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- તમને ક્યારેય કીડી કરડી છે ? કેવી કીડી હતી - કાળી કે લાલ, મોટી કે નાની ?

- જ્યારે તમે મગફળી ખાઓ છો, તેના ફોતરાં (shells-શેલ્સ) કદાચ તમે ફેંકી દો છો. તેનાં ફોતરાંનો ઉપયોગ કરી થોડા જીવજંતુ બનાવવાનો પ્રયત્ન કરો. તેમને રંગ કરવાનું ભૂલતા નહિ.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in